જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧૨/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૩૪૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૫	૦	૧૨૫	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૫૨૩૮	૫૨	૭૫૨૯૦	૭૬૩૫૧	૫૩	૭૬૪૦૪
કુલ		૯૧૮૩૪	૫૨	૯૧૮૮૬	૧૦૦૮૭૮	૫૩	૧૦૦૯૩૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૫	૪,૫૬,૫૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૮૭	૩,૮૭,૦૦૦/-

દાણીલીમડા પોલીસ સ્ટેશન

સબસીડી યુકત ખેતી વપરાશમાં લેવાતા ખાતરના જથ્થા સાથે આરોપીને ઝડપી લેતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી "કે" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ સબસીડી યુકત ખેતીમાં વપરાશ થતા યુરિયા ખાતરનો જથ્થાનો ગે.કા.સંગ્રહ/વપરાશ કરતા ઇસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સારુ સુચના મળતા જે અન્વયે ડી.વી.તડવી પોલીસ ઇન્સ.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.એન.પી.ગરાસીયા તથા અ.હેડ.કોન્સ. જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા પો.કો.ઉપેન્દ્રસિહ દશરથસિહ બ.નં.૫૬૮૮ તથા પો.કો.ગોપાલ દેવાભાઇ બ.નં.૬૬૭૭ તથા પો.કો.વિશ્વરાજસિહ રાજેન્દ્રસિહ બ.નં.૭૦૨૯ તથા પો.કો.ભયલુભા દીલુભા બ.નં.૧૧૯૩૦ તથ પો.કો.રણજીતસિહ ટેમંતસિહ બ.નં.૪૯૦૦ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન પો.સબ.ઇન્સ.એન.પી.ગરાસીયા નાઓને મળેલ બાતમી હકીકત આધારે દાણીલીમડા પ્રભુદાસ એસ્ટેટ ની અંદર આવેલ રાજસ્વી કેમિકલ નામની કંપનીના મેનેજર જયેશભાઇ હાલજીભાઇ સોલંકી ઉ.વ.૪૬ રહે : સી/૧ સંસ્કૃત એપાર્ટ.મહારાજ જગદિશ પાર્ક સોસા.વિ-૩ ની અંદર બહેરામપુરા અમદાવાદ શહેર નાઓને તેમની કંપનીમાં ગે.કા.રીતે વપરાશ કરવા સારુ સરકારશ્રીના કોઈપણ જાતના પરવાના વગર ખેતીવાડીમા ઉપયોગમા લેવાતુ ઇફ્કકો યુરિયાની ૨૭૬/ થેલીઓ કિ,રુ,૭૩,૫૫૪/- ના જથ્થા સાથે પકડી લઇ સદર કંપનીના માલિક પુષ્પરાજ નેમીચંદ રાજસ્વી રહે : ધનલક્ષ્મી એપાર્ટ. મણિનગર અમદાવાદ શહેર નાને વોન્ટેડ બતાવી કાયદેસરની કાર્યવાહી કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નિકોલ પોલીસ સ્ટેશન

૩૧ ડીસેમ્બર તહેવાર અનુસંધાને ભરતીય બનાવટનો જુદી-જુદી કંપનીની મોટી વિદેશી-દારૂ ભરેલ બોટલો નંગ-૪૮ માં ૩૬ લિટર કિમત રૂપિયા: ૨૮,૮૦૦/- ની મત્તાના જથ્થા સાથે બબલુ S/o ચંદ્રપાલસિંગ ચૌહાણને ઝડપી પાડતી નિકોલ પોલીસ

મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી ૩૧ ડીસેમ્બર તહેવાર અનુસંધાને અસામાજીક તત્વો દેશી તેમજ વિદેશી દારૂની હેરા ફેરી કરતા હોય તેવા ઈસમોને શોધી કાઢવા સારૂ સુચના કરેલ હોય, જે આધારે મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫, સા તથા મે. મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી “આઈ” ડીવીજન અમદાવાદ શહેરનાઓએ ઉપરી અધિ.શ્રી દ્વારા આપેલ સુચના અનુસંધાને આયોજન પુર્વક અમલવારી કરવા સારૂ પોલીસ ઈન્સ્પેકટર શ્રી વી.ડી.ઝાલા નાઓને સુચના કરતા તેઓના સિધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડના PSI. પી.જે.ખાંટ પોતાના તાબા હેઠળના HC.વદેસિંહ જુઠાજી PC. સુનિલકુમાર રમેશભાઈ PC. રવિરાજસિંહ કાનજીભાઈ LR. પરેશભાઈ રમેશભાઈ,નાઓ સાથે ના.રા.પેટ્રોલિંગમાં હતા દરમ્યાન HC.વદેસિંહ જુઠાજી નાઓને હકિકત મળેલ કે, “નિકોલ, ખોડીયાર જ્યોત સોસાયટી પાછળ રામદેવનગરનો ટેકરો છલ્લુભાઇની ચાલી ખાતે રહેતો બબલુ ચૌહાણ નામના ઇસમ પોતાના કબ્જા ભોગવટા વાળા મકાનમાં કેટલોક ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો વેચાણ કરવા સારૂ સંતાડી રાખેલ છે.” વિગેરે મતલબની બાતમી હકિકત આધારે રેઈડ કરતા બબલુ S/o ચંદ્રપાલસિંગ અનોખેલાલ ચૌહાણ ઉવ.૩૬ રહેવાસી:મ.નં.૮૧૦,છલ્લુભાઇની ચાલી, રામાપીરનો ટેકરો,નિકોલ અમદાવાદ શહેરનાઓના કબ્જા ભોગવટા વાળા મકાનમાંથી ભારતીય બનાવટનો (૧) MCDOWELLS.No.1 SUPERIOR WHISKY વિદેશી-દારૂ ભરેલ બોટલ નંગ:-૩૨માં ૨૪ લિટર કિ.રૂ-૧૯,૨૦૦/- તથા (૨) MCDOWELLS. No.1 CELEBRATION SELECT XXX RUM વિદેશી-દારૂ ભરેલ બોટલ નંગ:-૧૬ માં ૧૨ લિટર કિ.રૂ-૯,૬૦૦/- મળી કુલ્લે રૂપિયા:૨૮,૮૦૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી પ્રશંષનીય કામગીરી કરેલ.



પાસા અટકાયતની વિગત

ઓઢવ પોલીસ સ્ટેશન

પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર જે બી અગ્રાવત નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને રાજકોટ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :- વિજયભાઇ ઉર્ફે ગુગો સ/ઓ પ્રવિણભાઇ સોલંકી (ઉ.વ.૨૫) (રહેવાસી. મ.નં ૪૫ પરદેશીનગર નેશનલ હેન્ડલુમની બાજુમાં સ્વસ્તીક ચાર રસ્તા પાસે અમરાઈવાડી અમદાવાદ

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) ખોખરા પોલીસ સ્ટેશન પ્રોહી ગુ ૨ નં સી/ ૧૧૧૯૧૦૦૩૨૦૦૯૭૮/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(એ,એ), ૧૧૬ (બી), ૯૮ (૨) , ૮૧ મુજબ

(૨) ઓઢવ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ ૨ નં સી/ ૧૧૧૯૧૦૩૭૨૧૧૫૪૦/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(એ,ઇ), ૧૧૬ (બી), ૮૧ મુજબ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં – પીસીબી/ડીટીએન/પાસા/૮૩૩/૨૦૨૧ તા. ૨૫/૧૨/૨૦૨૧ તથા બજવણી તા. ૨૫/૧૨/૨૦૨૧ ના કલાક ૨૧/૩૦ વાગે :- રાજકોટ જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો.સ.ઈ.શ્રી એસ.વી.પટેલ તથા અ.હે.કો.અજીતભાઇ ભીખાભાઇ બ.નં.૪૨૯૪ તથા અ.પો.કો. સહદેવસિંહ દિપસંગભાઇ બ.નં.૧૨૦૬૪



નારોલ પોલીસ સ્ટેશન (૧)

મિલકત સબંધિત અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ પાસા અટાકયતીને રાજકોટ જેલ ખાતે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસા કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધરે અમદાવાદ શહેર વિસ્તારમાં મિલકત સબંધિત ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદ કરવા યુસ્તપણે સુચના આપેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પો.ઇન્સશ્રી એસ.એ.ગોહિલ નાઓને પો.સ્ટે સ્ટાફના માણસોને સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પો.સ્ટે માં તથા અન્ય પોલીસ સ્ટેશનમાં મિલકત સબંધિત દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરતા આરોપી ફીરોજ રફીકભાઇ શેખ ઉ.વ-૨૧ રહે, સી/૧૫ બાગેકૌસર મસ્જીદ પાસે પતરાવાળા મકાનમા વટવા કેનાલની પાસે આકુતી મેદાનની બાજુમા વટવા અમદાવાદ શહેર તથા ૩૮/કે ચંડોલા તળાવના છાપરા ચંડોલા પેટ્રોલપંપની પાસે દાણીલીમડા અમદાવાદ શહેર નાઓ વિરૂદ્ધમાં ગુનાઓ દાખલ થયેલ હોય જે અનુસંધાને તેની મિલકત સબંધિત ગુનાહિત અસામાજીક પ્રવૃત્તિ વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ સદરી અટકાયતી વિરૂદ્ધ પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૮૨૯/૨૦૨૧ તા.૨૫/૧૨/૨૦૨૧ થી પાસા અટકાયતીનો હુકમ કરતા સદર પાસા અટાકયતીને આજરોજ કલાક ૨૧/૦૦ વાગ્યે બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે ખાસ રાજકોટ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે.

કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઓ

એસ..એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ
અ.હે.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪



નારોલ પોલીસ સ્ટેશન (૨)

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમોને રાજકોટ જેલ તથા ભુજ જેલ ખાતે પાસા અટકાયતી તરીકે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે અમદાવાદ શહેર વિસ્તારમાં પ્રોહિબિશન પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ કરવા ચુસ્તપણે સુચના આપેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પો.ઇન્સશ્રી એસ.એ.ગોહિલ નાઓને પો.સ્ટે સ્ટાફના માણસોને સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પો.સ્ટેમાં તથા અન્ય પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન સબંધે દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી નીચે મુજબના આરોપીઓ વિરૂદ્ધમાં ગુનાઓ દાખલ થયેલ હોય જે અનુસંધાને તેની પ્રોહિબિશન સબંધિત ગુનાહિત અસામાજીક પ્રવૃત્તિ વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ સદરી અટકાયતી વિરૂદ્ધ પાસા અટકાયતી આરોપીઓ (૧) દિનેશભાઇ દિલીપભાઇ જાતે ચુનારા ઉ.વ.૨૮ રહે. કલરટેક્ષ કંપનીની સામે છાપરામા ગેસ ગોડાઉનની પાછળ ખજુરીબસ સ્ટેશન પાસે નારોલ અમદાવાદ શહેર હાલરહે:- લક્ષમીનગર દ્વારકા નગરીની બાજુમાં કોમલ ફેકટરીના ખાંચામાં નારોલ અમદાવાદ શહેર નાઓનો હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૮૩૧/૨૦૨૧ તા.૨૫/૧૨/૨૦૨૧ થી પાસા હુકમની કલાક.૨૧/૪૦ વાગે બજવણી કરી પાલારા ભુજ જેલ ખાતે તથા (૨) યાસીન ઉર્ફે શરીર ઉર્ફે પીલ્લમ આરીફભાઇ જાતે મલેક ઉ.વ.૨૩ રહે. મ.નં-૨૦૨ બ્લોક.નં-૨ સલાટ નગર ખોખરા બ્રિજ પાસે અંબીકા મીલ ગોમતીપુર અમદાવાદ શહેર નાઓનો હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૮૩૦/૨૦૨૧ તા.૨૫/૧૨/૨૦૨૧ થી પાસા હુકમની કલાક.૨૧/૨૦ વાગે બજવણી કરી પાલારા ભુજ જેલ ખાતે બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે.

કામગીરી કરનાર અધિકારી/ કર્મચારી

એસ..એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

અ.હે.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૪૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૦ કેસ કરી, ૮૬ વ્યક્તિઓને ઝડપી, ૩૨૭ લીટર દેશી દારૂ, ૭૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૪૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૪૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૩૪૯/૨૦૨૧**

સાબરમતીઃ કરીશ્મા ભરતદાન રત્નુ (ઉ.વ.૨૧) (રહે. અદાણી પ્રથમ ફ્લેટ માલાબાર કાઉન્ટી-૨ નિરમા યુનિવર્સીટી પાછળ ત્રાગડ રોડ સાબરમતી) એ તા.૨૫/૧૨/૨૦૨૧ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૨/૨૦૨૧ કલાક ૧૨/૧૫ થી તા.૨૪/૧૨/૨૦૨૧ બપોરના ૩/૨૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૮૩૨૭૨૩૮૨૪૫, ૯૪૭૭૩૫૬૩૭૬ ના ધારકો એ કરીશ્મા રત્નુને ફોન કરી મામા અર્થ કંપનીમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી ગીફ્ટની લોભામણી લાલચ આપી કરીશ્મા રત્નુના મોબાઇલ ફોનમાં મામા અર્થ વેબની લીંક મોકલી ઓપરેટ કરવી મોબાઇલ ફોન હેક કરી કરીશ્મા રત્નુના બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૧,૯૫,૭૦૭/- તેઓના બેંકના ખાતા માં ઇન્ટરનેટ માધ્યમથી ટ્રાન્જેક્શન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એસ.ઠાકર ચલાવે છે.

વાસણાઃ આકાશ પ્રવિણકુમાર ચોકસી (ઉ.વ.૩૦) (રહે. ગાયત્રી એપાર્ટમેન્ટ ધાટલોડીયા નારણપુરા) એ તા.૨૫/૧૨/૨૦૨૧ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી ભોપાલસિહ પ્રેમસિંહ પવાર (રહે. સલુમ્બર જી-ઉદેપુર રાજસ્થાન) એ આકાશ ચોકસીને વિશ્વાસમા લઈ સારો નફો મળશે તેવી લાલચ આપી તા.૧૦/૦૨/૨૦૨૧ ના રોજ વાસણા સર્કલ હોટલ ખાતેથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- મેળવી લઈ જઈ નફો નહી આપી તેમજ સોનાના દાગીના આજદીન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.આર.રાવળ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૩૫૦/૨૦૨૧**

બાપુનગરઃ તરૂણભાઈ શાંતિલાલ શાહ (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ જય અંબે બેકરી સામે ભીડભંજન હનુમાન મંદિર સામે બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૨/૨૦૨૧ રાતના ૧૨/૦૦ થી તા.૨૫/૧૨/૨૦૨૧ સવારના ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાની બુટીઓ, કાંડા ઘડિયાળ અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

મસ્જીદમાંથી ચોરીઃ- **સમાચાર યાદી નં.૨૩૫૧/૨૦૨૧**

કાલુપુરઃ મોહંમદઆરીફ મોહંમદઆઝમ શેખ (રહે. પોપટીયાવાડ ગેબન શહીદની પોળ દરીયાપુર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૨/૨૦૨૧ બપોરના ૨/૩૦ થી ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સોદાગરની પોળ ગલી નંબર-૮ સામે આવેલ બડી મસ્જીદના દરવાજાની સ્ટોપર ખોલી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી મસ્જીદમાં લગાવેલ સી.સી.ટી.વી કેમેરા તોડી તેમજ દાનપેટીનુ તાળુ તોડી દાનપેટીમાંથી દાનના રોકડ રૂપિયા ૫૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.સરવૈયા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૩૫૨/૨૦૨૧**

ગોમતીપુરઃ કુલદીપ કૌશીકભાઇ મેવાડા (ઉ.વ.૧૬) (રહે. રાજપુર મોટો વણકરવાસ મહાકાળી મંદિર પાસે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૨/૨૧ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ગામીત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.